સુવિચાર : ડિપ્રેશન (હતાશા)નો વિરોધી શબ્દ હેપીનેશ નહીં, પણ ઝિંદાદિલી જીવંતતા છે - એસ. ભટ્ટાચાર્ય

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૮ | ૮ જાન્યુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; માગશર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- જીએસટી બિલ સંદર્ભે સોનિયા ગાંધી સાથે નાયડૂની વિસ્તૃત ચર્ચા
- પઠાણકોટ એટેક મુદ્દે નવાઝ શરીફની ઉચ્ચ સ્તરીય બેઠક
- આસામમાં પણ ભૂંકપથી લોકોમાં વ્યાપક ભય
- બજેટમાં રોકાણને વધારવા નવી યોજના જાહેર થઇ શકે
- આવકવેરા મુક્તિ મર્યાદામાં હાલ કોઇ રાહત મળશે નહી
- ભારતમાં લાખો એન્જિનિયર હજુ પણ સંઘર્ષ કરી રહ્યા છે
- નેપાળ : મુસ્લિમ કટ્ટરપંથી શખ્સોની સંખ્યા સતત વધી
- સ્ટાર અમિતાભ ઇન્ક્રેડીબલ ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર

# પઠાણકોટના હુમલાખોરો ઓળખાયા

**અસ્ફાક, હાફિઝ, કાસીમ અને મસૂદ અઝહર માસ્ટરમાઇન્ડ : પઠાણકોટમાં એરફોર્સ બેઝ ખાતે ત્રાસવાદી હુમલો કરવા યોજના પાકિસ્તાનના મરકાઝમાં ઘડી કાઢવામાં આવી હતી : સુરક્ષા સંસ્થાઓ દ્વારા કરાયેલો દાવો**

નવીદિલ્હી,તા. ૭



પઠાણકોટ એરફોર્સ બેઝ પર કરવામાં આવેલા ત્રાસવાદી હુમલા મામલામાં ચાલી રહેલી તપાસમાં નવી વિગત સપાટી ઉપર આવી છે જેના ભાગરુપે ભારતે હવે હુમલાને અંજામ આપનાર ત્રાસવાદીઓના આકાઓને શોધી કાઢવામાં સફળતા મેળવી લીધી છે. છ ત્રાસવાદીઓનો માસ્ટર માઇન્ડને ઓળખી લેવામાં આવ્યો છે. અહેવાલ મુજબ ભારતીય સુરક્ષા સંસ્થાઓએ કહ્યું છે કે, આતંકવાદીઓના આકા અસ્ફાક અહેમદ, હાફિઝ અબ્દુલ સકુર, કાશીમ જન અને મસૂદ અઝહર તરીકે ઓળખાયા છે. પઠાણકોટ એરફોર્સ બેઝ ત્રાસવાદી હુમલા માટેનું કાવતરું પાકિસ્તાનમાં મરકાઝમાં ઘડી કાઢવામાં આવ્યું હતું. સુરક્ષા દળોએ પઠાણકોટ એરફોર્સ સ્ટેશન પર મોટુ ઓપરેશન પાર પાડીને તમામ છ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. બીજી બાજુ ભારતે સાફ શબ્દોમાં કહ્યું છે કે, પાકિસ્તાનની ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે ઉચ્ચ સ્તરીય બેઠકનું નેતૃત્વ કર્યુ હતું. સાથે સાથે પઠાણકોટ હુમલાના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી હતી. નવાઝ શરીફે ભારત દ્વારા આપવામાં આવેલા પુરાવાના આધાર પર ઝડપથી કામ કરવા અધિકારીઓને આદેશ પણ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ...તો જ પાકિસ્તાન સાથે ભારત વાતચીત કરશે

**વિદેશ મંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી : બોલ હવે પાકિસ્તાનની કોર્ટમાં છે અને મંત્રણાનું ભાવિ પણ પાકિસ્તાનના હાથમાં હોવા માટે ભારતની સ્પષ્ટતા**




નવીદિલ્હી,તા. ૭

ભારતે આજે સ્પષ્ટતા કરી હતી કે, પાકિસ્તાન સાથે વિદેશ સચિવ સ્તરની મંત્રણા પાકિસ્તાનની કાર્યવાહી ઉપર આધારિત રહેશે. પઠાણકોટ ત્રાસવાદી હુમલા સંદર્ભમાં નવી દિલ્હી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા પગલા લાયક પુરાવાના આધાર પર જો પાકિસ્તાન પગલા લેશે તો જ તેની સાથે વાતચીત થશે.

● અનુસંધાન પાન-૭ પર

## મહેબુબા મુફ્તિ હવે મુખ્યમંત્રી બનશે

નવીદિલ્હી,તા. ૭



જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન મુફ્તિ મોહમ્મદ સઇદના આજે વહેલી સવારે અવસાન થયા બાદ તેમની ઇચ્છા મુજબ તેમની પુત્રી મહેબુબા મુફ્તિને મુખ્યપ્રધાન તરીકેની જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. તેમની પાર્ટી પીડીપી દ્વારા આજે સવારે જ આ મુજબની જાહેરાત કરી દીધી હતી. આની સાથે જ હાલમાં શરૂ અયેલી અટકળોનો પણ અંત આવી ગયો હતો. સઇદે ગયા વર્ષે નવેમ્બરમાં જમ્મુ કાશ્મીરમાં એક પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે તેઓ પોતાની પુત્રી મહેબુબા મુફ્તિને મુખ્યપ્રધાન તરીકેની જવાબદારી સોંપવા માટે ઇચ્છુક છે.


# કાશ્મીરના મુખ્યપ્રધાન મુફ્તિ મોહમ્મદનુ નિધન

નવીદિલ્હી,તા. ૭

જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન અને પીડીપીના નેતા મુફ્તિ મોહમ્મદ સઇદનુ આજે વહેલી સવારે દિલ્હીમાં અવસાન થયુ હતુ. સઇદ છેલ્લા કેટલાક સમયથી બિમાર ચાલી રહ્યા હતા. છેલ્લા ૧૫ દિવસથી તેઓ અખિલ ભારતીય આર્યુવેદિક સંસ્થા (એમ્સ)માં દાખલ હતા અને જુદી જુદી તકલીફ માટે સારવાર લઇ રહ્યા હતા. સઇદની હાલત વધારે ખરાબ થયા બાદ છેલ્લા થોડાક દિવસથી તેમને તબીબોએ વેન્ટીલેટર પર રાખવાનો નિર્ણય કર્યો હતો. તેમના પાર્થિવ શરીરને શ્રીનગર લઇ જવામાં આવ્યા બાદ ત્યાં તેમની અંતિમ વિધી કરવામાં આવનાર છે. સઇદના અવસાનના સમાચાર મળતાની સાથે જ તેમના લાખોની સંખ્યામાં સમર્થકોમાં દુખનુ મોજુ ફરી વળ્યુ હતુ. બીજી બાજુ રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ કહ્યુ છે કે તેમને અવસાનના સમાચાર સાંભળીને

**સઇદની અંતિમ વિધી તેમના વતનમાં કરાશે**

આઘાત લાગ્યો છે. તેમના આત્માને શાંતિ મળે તેવી તેઓ પ્રાર્થના કરે છે. ૭૯ વર્ષીય સઇદને ૨૪મી ડિસેમ્બરના દિવસે ગળામાં પીડા અને તાવની અસર દેખાયા બાદ એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને હાલમાં કેટલીક તકલીફ થઇ ગઇ હતી. જેમાં સેપ્સિસ અને ન્યુમોનિયાનો સમાવેશ થાય છે. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદથી તેઓ એમ્સના આઇસીયુમાં જ હતા.




## જિલ્લા કક્ષાનો પ્રજા સત્તાક દિન દહેગામમાં ઉજવાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી દહેગામ ખાતે કરવામાં આવશે. આ પર્વની ઉજવણીમાં રાજયમંત્રશ્રી દિલીપભાઈ ઠાકોર ધ્વજવંદન કરાવી રાષ્ટ્રધ્વજને સલામી અર્પશે.

જિલ્લા કક્ષાના આ પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. પ્રજાસત્તાક દિનની પરેડ ઉપરાંત જિલ્લાની પ્રતિભાઓનું સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.



રિવરફ્રન્ટ ખાતે હાલમાં જુદા જુદા કાર્યક્રમો ચાલી રહ્યા છે સાથે સાથે કેટલાક નવા કાર્યક્રમો પણ યોજાનાર છે જેને લઈને રિવરફ્રન્ટ ખાતે જોરદાર સજાવટ કરવામાં આવતા આકર્ષણ જમાવ્યું છે.

# શિક્ષણની ગુણવત્તા ઉંચે લઇ જવાની જરૂર છે : મુખ્યમંત્રી

**શિક્ષક સહેજ ભાવથી વર્ગખંડોમાં બાળકો સાથે સામાન્ય જ્ઞાન વિજ્ઞાન, ગણિત વિષયના સંદર્ભમાં પ્રશ્નોત્તરી કરી : સાગબારાની ખેરપાડા શાળાની મુલાકાતે પહોંચ્યા**

અમદાવાદ, તા.૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયમાં શિક્ષણની ગુણવત્તા ઉંચે લઈ જવાના સેવાયજ્ઞ ગુણોત્સવમાં સમાજ સમસ્તને આ યજ્ઞમાં સહભાગી થવા આહવાન કર્યું છે. આનંદીબેને નર્મદા જિલ્લાના દુર્ગમ આદિજાતિ ક્ષેત્ર સાગબારાના ખેરપાડા ગામેથી રાજયવ્યાપી ત્રીદિવસીય ગુણોત્સવ અભિયાનની છઠ્ઠી શૃંખલાનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ શિક્ષક સહજ સ્વભાવનો આગવી શૈલીમાં પરિચય આપતાં આ ગામની પ્રાથમિક શાળાના બાળકો સાથે સામાન્ય જ્ઞાન, ગણિત, વિજ્ઞાન વિષયક પ્રાથમિક પ્રશ્નોતરી કરી માર્ગદર્શન આપ્યું હતું. આનંદીબેને આ આદિજાતિ ગામની પ્રાથમિક શાળાના વર્ગખંડોમાં સ્વયં પહોચી જઈને બાળકોના વાંચન લેખન, ગણનનું જ્ઞાન આજીવન શિક્ષણ સાહજીકતાથી ચકાસ્યું હતું અને શાળા શિક્ષકો આચાર્યને જરૂરી સુચનો કર્યા હતા. મુખ્યમંત્રી આદિજાતી ભૂલકાંઓ સાથે તિથીભોજનમાં મધ્યાહન ભોજનમાં પણ સહભાગી થયા હતા. તેમણે શાળા સંકુલની સફાઈ, વર્ગખંડો, શૌચાલયોની સ્વચ્છતા કોમ્પ્યુટર ખંડની પણ તલસ્પર્શી તપાસ કરી માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીએ બાળકો શાળા પરિવાર સાથે સંવાદ કરતા કહ્યું કે, બાળકો આવતીકાલના ભારતના ભાગ્ય વિધાતા છે તેમને શ્રેષ્ઠ સગવડો અને શિક્ષણની પૂરતી સહુલિયત તથા સાધન સહાય આપીને જ આપણે સબળ રાષ્ટ્રનિર્માણનો પાયો વધુ મજબુત કરી શકીશું. આ સંદર્ભમાં તેમણે રાજય સરકાર દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને મફત ગણવેશ પાઠ્ય પુસ્તક સાયકલ આપવાની યોજનાઓની વિસ્તૃત સમજ આપી હતી. કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવની પરિપાટીએ દિકરીઓનો ડ્રોપ આઉટ રેટ શૂન્ય પર પહોચાડવામાં સૌના સહયોગથી મળેલી સિધ્ધિઓ જેમજ ગુણવત્તાયુક્ત શિક્ષણના વ્યાપ માટેનું આ અભિયાન રાજયમાં શિક્ષણની ગુણવત્તા ઉંચે લઈ જવામાં સફળ રહ્યું છે. તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી સમક્ષ શાળાના ભૂલકાંઓએ યોગાસન અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ પણ કરી હતી. તેમણે વાલી ગણ, શાળા સંચાલન સમિતિ અને શિક્ષક પરિવારને બાળક ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે તે માટેનો નૈતિક કર્તવ્યભાવ અદા કરવાની પ્રેરણા આપી હતી. આ વેળાએ શાળા પરિવાર શિક્ષકો, પદાધિકારીઓ અને જિલ્લા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેર-જિલ્લામાં લઘુત્તમ તાપમાન વધતા ઠંડી ગાયબ

ગાંધીનગર, તા. ૭

ડિસેમ્બર માસમાં ઠંડીનો ચમકારો દેખાડ્યા બાદ છેલ્લા એક અઠવાડિયાથી ઠંડી ધીમે ધીમે જાણે ગાયબ થઈ રહી છે. લઘુત્તમ તાપમાન આજે ૧૩.૬ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓએ ગરમ વસ્ત્રો ત્યજી દીધા છે. મહત્તમ તાપમાન તો ૩૧.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું હોવાથી દિવસ દરમ્યાન તો રીતસર ગરમી લાગે છે અને પરસેવો થાય છે. તડકો આકરો લાગે છે. લઘુત્તમ તાપમાન પણ વધી રહ્યું છે. જેના પગલે ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. ઠંડીની હવે અસર વર્તાતી જ નથી. ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત રહેતી નથી. પવન પણ સાવ બંધ થઈ જતા શીયાળાની ઋતુ હોય તેવુ લાગતુ જ નથી.

**શિક્ષકો જોઈએ છે**

વિદ્યાર્થી આશ્રમ ઉનાવા સંચાલિત શેઠશ્રી સી.સી.શાહ વિદ્યામંદિર ઉનાવામાં સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : બમશ : ૧૦૧૪ - ૧૪૦ . ગ સચિવાલય ગાંધીનગર તા-૨૧.૧૨.૨૦૧૫ અન્વયે તાસદીઠ માનદ વેતનથી (પ્રવાસી શિક્ષકો) નીચેની લાયકાતવાળા શિક્ષકોની નીમણુંક કરવાની છે. તો જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન દસમાં જરુરી લાયકાતના પ્રમાણપત્રો સહિત નીચેના સરનામે રજી.એડી થી અરજી મોકલવી.

| | | |
|---|---|---|
| ૧. | નામાના મુળતત્વો | એમ.કોમ, બી.એડ. |
| ૨. | મનો વિજ્ઞાન | એમ.એ, બી.એડ. |
| ૩. | તર્કશાસ્ત્ર | એમ.એ, બી.એડ. |
| ૪. | અંગ્રેજી | એમ.એ, બી.એડ. |
| ૫. | ગુજરાતી | એમ.એ, બી.એડ. |
| ૬. | આંકડાશાસ્ત્ર | એમ.એસ.સી, બી.એડ. |
| ૭. | વાણિજ્ય સંચાલન | એમ.કોમ, બી.એડ. |
| ૮. | એસ.પી.સી.સી. | એમ.કોમ, બી.એડ. |

અરજી મોકલવાનું સરનામું
આચાર્યશ્રી/મંત્રીશ્રી, વિદ્યાર્થી આશ્રમ,
મું.પો. ઉનાવા-૩૮૨૬૫૦, તા.જિ.ગાંધીનગર.
ફોન નં.:૨૩૯૭૫૪૬૩, ઈ-મેઈલ-ccshah1923@gmail.com

| ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |
|---|---|---|
| શ્રી પશાભાઈ એમ.પટેલ | શ્રી જશુભાઈ એસ. પટેલ | શ્રી હરિભાઈ એલ. પટેલ |
| મો.૯૮૨૪૫ ૧૦૬૧૩ | મો.૯૮૨૫૦ ૩૭૧૨૯ | મો.૯૭૧૪૫ ૪૭૪૪૨ |

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ

નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

KALOREX Shaping Glocal Learners
40+ Institutions with International Footprints
CALORX PUBLIC SCHOOL
GANDHINAGAR
Where every child Innovates...
(English Medium, Proposed CBSE school)
Admissions Open - 2016-17
Pre Primary to Class 9

Survey No. 272, Lekawada - Dharampur Road,
Vil. & Post: Lekawada, Ta. & Dist. Gandhinagar
Email: cpsgandhinagar@kalorex.org
For Admissions Call: 81550 13382